

# વિશ્વ મહિલા દિવસે જ કોંગ્રેસ કાર્યાલયથી ૧૦૦ મહિલાઓની અટકાયત

## વડાપ્રધાનનો વિરોધ કરવા એકત્ર થયેલી માંડવી દુષ્કર્મ કાંડની પિડીતા સહિત મહિલા કાર્યકરોની પોલીસે અટકાયત કરી વડાપ્રધાને સાંજે પાટનગર પાટનગર છોડ્યુ ત્યાર બાદ મુક્ત કર્યા : કોંગી આગેવાનોએ મોદીના પૂતળા પર મુક્કાબાજી કરીને વિરોધ કર્યો : પોલીસે ટીંગાટોળી અને ઝપાઝપી કરી મહિલાઓ સહિત ૧૫૦ કાર્યકરોની અટકાયત કરી



ગાંધીનગર, તા. ૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગાંધીનગર ખાતે મહાત્મા મંદિરમાં આજે મહિલા સરપંચ સંમેલનને સંબોધવા આવ્યા હતા ત્યારે કોંગ્રેસ દ્વારા વડાપ્રધાનનો વિરોધ કરવા આશ્ચર્યજનક કાર્યક્રમ આપવાની જાહેરાત કરવામાં આવી હતી. આજે માંડવી દુષ્કર્મ કાંડની પિડીતા સહિત ૧૦૦થી વધુ મહિલા કાર્યકરો સે. ૨૨ કોંગ્રેસ કાર્યાલય ખાતે વિરોધ પ્રદર્શન કરવા પહોંચી હતી. વડાપ્રધાન વિરોધી સૂત્રોચ્ચાર શરૂ કરતા પોલીસે કાર્યાલયને કોર્ડન કરી વિશ્વ મહિલા દિવસે જ પિડીતા સહિત તમામ ૧૦૦ જેટલી મહિલા કોંગી કાર્યકરોની અટકાયત કરી લીધી હતી. તો બીજી તરફ જીલ્લા પ્રમુખ સહિતના આગેવાનો કાર્યકરોએ મોદીના પૂતળા પર મુક્કાબાજી કરી વિરોધ પ્રદર્શન કર્યુ હતું. પોલીસ ટીંગાટોળી કરી મહિલાઓ સહિત ૧૫૦ જેટલા કોંગી આગેવાનો-કાર્યકરોની અટકાયત કરી લીધા બાદ વડાપ્રધાને સાંજે ગાંધીનગર છોડ્યુ ત્યાર બાદ તમામને મુક્ત કર્યા હતા. પોલીસ સાથે થયેલી ઝપાઝપીમાં આગેવાન હરીભાઈ ચૌધરી ઘાયલ થવા પામ્યાં હતા.


મોદીની ઉપસ્થિતિમાં યોજાનાર સંમેલન સ્થળે આશ્ચર્યજનક કાર્યક્રમ આપવા માટે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ આજે સે. ૨૨ કાર્યાલય ખાતે આગેવાનો-કાર્યકરોની બેઠક બોલાવી હતી. આ બાબતની જાણ પોલીસને થઈ જતા સવારથી જ કાર્યાલયને પોલીસ છાવણીમાં ફેરવી દેવાયુ હતુ અને આગેવાનો-કાર્યકરોને નજરકેદ કરી દેવામાં આવ્યા હતા. માંડવી દુષ્કર્મ કાંડની પિડીતા પણ વિરોધ પ્રદર્શન માટે ગાંધીનગર કોંગ્રેસ કાર્યાલય આવી હતી.





મહિલા આગેવાનો-કાર્યકરોએ સૂત્રોચ્ચાર કરી ઉગ્ર વિરોધ પ્રદર્શન શરૂ કરતાં પોલીસનો કાફલો કાર્યાલય સંકુલમાં ઘુસી ગયો હતો અને મહિલા પોલીસને આગળ ધરીને તમામ ૧૦૦ જેટલી મહિલા આગેવાનો-કાર્યકરોની પોલીસે અટકાયત કરી લીધી હતી. તો બીજી તરફ કોંગ્રેસની ટીમે કાર્યાલય બહાર મોદીના પુતળા પર મુક્કાબાજી કરી વિરોધ પ્રગટ કર્યો હતો. પોલીસના કાફલાએ પુતળુ ખેંચી લઈ આગેવાનોની ટીંગાટોળી કરીને ઝપાઝપી સાથે તમામની અટકાયત કરી લીધી હતી. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, પૂર્વ મનપા નેતા ચિમનભાઈ વિંઝુડા, જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર, અરવિંદસિંહ સોલંકી તથા ૧૦૦ મહિલાઓ મળી કુલ ૧૫૦ જેટલા કોંગી આગેવાનો કાર્યકરોની પોલીસે અટકાયત કરી લીધી હતી. વડાપ્રધાને ગાંધીનગર છોડ્યુ ત્યાર બાદ સાંજે તમામને મુક્ત કરવામાં આવ્યા હતા. આ ઝપાઝપી દરમ્યાન આગેવાન હરિભાઈ ચૌધરી ઘાયલ થયા હોવાનું જાણવા મળ્યુ હતું.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




મિત્રો... હું પણ મહિલા સશક્તિકરણની તરફેણમાં જ છું... પરંતુ તમને મારા અનુભવ પછી એ કહીશ કે... જ્યારે મહિલા સશક્ત થઈ જાય પછી... તમારે સાચવવું...!!



કોલવડાની કે.કે. વિદ્યાલયમાં આચાર્ય ભાવનાબેન દ્વારા ૪ કુંડીય ગાયત્રીયજ્ઞ દ્વારા શુભેચ્છામાં ૧૫૦ વિદ્યાર્થીઓએ આહુતી આપી હતી.

# બાંધકામ મહિલા શ્રમિકો માટે હેલ્થ સ્ક્રીનીંગ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૮

૮ માર્ચ – વિશ્વ મહિલા દિન નિમિત્તે આજે ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડના ઉપક્રમે, મહિલા બાંધકામ શ્રમિકો માટેના હેલ્થ સ્ક્રીનીંગ કેમ્પનું આયોજન થયું હતું. કોમ્યુનીટી હોલ, વાડજ, અમદાવાદ ખાતે આજે અમદાવાદની ૨૬૬ જેટલી બાંધકામ શ્રમિક મહિલાઓને બોર્ડ દ્વારા નિયુક્ત મેડીકેર હોસ્પિટલના નિષ્ણાતો દ્વારા આંખ, કાન ,નાક, ગળા, ચામડી, બાળકોના રોગોની તપાસ, સ્ત્રીરોગ નિષ્ણાત ડૉક્ટરો દ્વારા તપાસ, ઉપરાંત ડીઝીટલ એક્સ-રે , લોહી-પેશાબની તપાસ વિનામૂલ્ય બાંધકામ શ્રમિક બોર્ડ દ્વારા પૂરી પાડવામાં આવી હતી. સવારે ૧૦થી બપોરના ૧૪ કલાક સુધી ચાલેલા આ હેલ્થ સ્ક્રીનીંગ કેમ્પનો ૨૬૬ જેટલી મહિલા બાંધકામ શ્રમિકોએ તેમની તથા તેમના બાળકોની વિનામુલ્ય તબીબી તપાસનો લાભ લીધો હતો.




ભારત સરકારના ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ અને સુક્ષ્મ લઘુ તથા મધ્યમ ઉદ્યોગ મંત્રાલય ખાતે કૃષિ આધારિત ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ અંતર્ગત વર્કશોપ ગૂજરાત વિદ્યાપીઠ ખાતે યોજાયો હતો. આ વર્કશોપમાં ગરીબ બેરોજગાર નાગરિકોને રોજી પ્રદાન કરવા માટે ચરખા આયોગે ચરખા ડોનેશન પ્રોગ્રામની શરૂઆત કરી છે. ચરખા ડોનેશનનો ચેક ભારત સરકારના ખાદી ગ્રામોદ્યોગ કમિશનના ચેરમેન વિનયકુમાર સકસેના અને ખાદી ગ્રામોદ્યોગ આયોગ અમદાવાદના ડાયરેકટર સંજય હેડાઉને ગ્રામલક્ષી ગ્રામોદ્યોગ સંસ્થાન દહેગામના પ્રમુખ શંકરભાઈ પટેલ તથા મંત્રી જયદેવભાઈ બારોટને અર્પણ કરવામાં આવ્યો હતો.

# ડેપોમાં મુસાફરના ખિસ્સામાંથી પાકીટ ચોરતી બે મહિલાઓ રંગેહાથ ઝડપાઈ

## ડેપોમાં નાના બાળકો સાથે રાખી પીક પોકેટીંગ કરતી મહિલાઓને સમજાવટના અંતે રવાના કરાઇ

ગાંધીનગર તા ૮

ગાંધીનગર એસ ટી ડેપોમાં આજે બસમાં ચઢતી વેળાએ મુસાફરોના પાકીટની ઉઠાંતરી કરતી બે મહીલાઓ રંગેહાથ ઝડપાઈ હતી. માણસા દાહોદની બસમાં બપોરે બે જાણભેદુ મહીલાઓએ પીક પોકેટીંગનો પ્રયાસ કર્યો હતો. જો કે પાકીટની ઉઠાંતરી કરતી મહીલાઓ સાથે નાના બાળકો પણ હોવાથી ડેપો કક્ષાએ સમજાવટના અંતે પાકીટ ચોર મહીલાઓને રવાના કરવામાં આવી હતી.

શહેરના એસ ટી ડેપોમાં છેલ્લા એક દાયકાથી પોલીસ ચોકી બનાવાની યોજનાને અંજામ આપવામાં આવતો નથી. ડેપો કક્ષાએથી પોલીસ ચોકી માટે જગ્યા આખરી કરી દેવાઈ હોવાનુ પણ જણાંવાય છે. પરંતુ લાંબા સમયના અંતે પણ પોલીસ ચોકી કાર્યરત કરવામાં આવતી નથી. થોડા સમય અગાઉ ચોકી માટે સ્થળ પસંદગી કરી પોલીસને ટોકન ભાડા પેટે જગ્યા ફાળવવામાં આવશે તેમ પણ ડેપો મેનેજર દ્વારા જણાંવાયુ હતુ. પરંતુ ડેપોમાં હજુ સુધી પોલીસ પહેરો જોવા મળતો નથી. બીજીતરફ ડેપો સંકુલમાં દિનપ્રતિદિન મુસાફરો તસ્કરી વૃતિનો ભોગ બનતા હોવાના કિસ્સાઓ પ્રકાશમાં આવે છે. વારંવાર પીક પોકેટીંગ તેમજ અન્ય ચોરીના ગુન્હાઓનો ઉપદ્રવ ડેપો સંકુલમાં વધ્યો હોવાનુ ધ્યાને આવ્યુ છે. જેના પરિણામે મુસાફરોની સલામતીનો મુદ્દો રામભરોસે છે. આમછતા ડેપો તંત્ર દ્વારા પોલીસ ચોકી કાર્યરત કરવાના મામલે ઉદાસીનતા સેવાઈ રહી છે. આજે પણ માણસા દાહોદ જતી બસમાં મુસાફરોના ખિસ્સામાંથી પાકીટ ચોરવાના પ્રયાસમાં બે મહીલાઓને રંગેહાથ ઝડપી લેવામાં આવી હતી. નાના બાળકો સાથે બસમાં ચઢતી મહીલાઓએ મુસાફરના ખિસ્સામાં હાથફેરો કરવાનો પ્રયાસ કર્યો હતો. ડેપોના કન્ટ્રોલર ધર્મેન્દ્ર પંડયાએ આ પાકીટ ચોરતી મહીલાઓને ઝડપી લીધી હતી. આ બનાવના પગલે ડેપો સંકુલમાં હોબાળો મચી ગયો હતો. જો કે મહીલાઓ સાથે નાના બાળકો પણ હોવાથી આખરે મુસાફરો અને ડેપોએ સમજાવટથી મામલો નિપટાવી લીધો હતો. આ પ્રકારના બનાવો ડેપો સંકુલમાં વારંવાર બને છે. ડેપોનો સ્ટાફ પણ આ વિશે જાગૃત છે. આમછતા એસ ટી નિગમ ત્વરિત અસરથી પોલીસ ચોકી કાર્યરત થાય તેવા પ્રયાસમાં નથી.

## ગુજરાત વણકર સેવા સમાજનો ૨૧મો જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

ગુજરાત વણકર સેવા સમાજ અમદાવાદ દ્વારા આગામી એપ્રિલ ૨૦૧૭માં આયોજિત ૨૧મો જીવનસાથી પસંદગી સંમેલન યોજાનાર છે. જેમાં ભાગ લેવા ઈચ્છતા વણકર સમાજના લગ્નોત્સુક યુવક યુવતીઓ તથા વાલીઓએ ફોર્મ તથા માહિતી માટે મેરેજ બ્યુરોના પ્રતિનિધિઓ કાન્તાબેન ડોડીયા-૪૪૭-ગાયત્રી સોસાયટી સે-૨૭, ડી.એમ. પરમાર પ્લોટ નં. ૫૪૦/૨ સે-૭-બી અને ચંપાબેન વાઘેલા-પ્લોટ નં. ૭૯૫/૧ સે-૨-સીનો તા. ૩૧મી માર્ચ સુધીમાં સંપર્ક કરવા જણાવેલ છે.



ગાંધીનગર શહેરના ચકાચક માર્ગો પર બેફામ ગતિએ દોડતા વાહનો ગમે ત્યારે ગંભીર અકસ્માત નોંતરે છે. 'સલામત સવારી એસટી અમારી બેઠા પછી જવાબદારી તમારી' હોય તેમ એસટી બસના ચાલકે ઘ-૪ પાસે એક ટુ-વ્હીલર વાહનચાલકને અડફેટે લીધો હતો. જો કે આ અકસ્માતમાં બાઈકચાલકને ઈજા પહોંચી છે. પરંતુ બસના ટાયર નીચે આવી ગયેલા બાઈકને જોઈને હાજર સૌ કોઈ નાગરીકો સ્તબ્ધ થઈ ગયા હતા. ત્યારે અક્સમાતના સ્થળે નાગરીકોના ટોળેટોળા વળતા માર્ગ પર ટ્રાફિક જામ થયો હતો.

# ધોરણ - ૧૦ અને ૧૨ના પરીક્ષાર્થીઓની મુંઝવણ દુર કરવા માટે હેલ્પલાઈન શરૂ કરાઈ

ગાંધીનગર તા ૮

આગામી તા ૧૫ માર્ચથી શરૂ થનારી બોર્ડ પરીક્ષાને અનુલક્ષી જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા વિદ્યાર્થીઓ માટે હેલ્પલાઈન શરૂ કરી દેવામાં આવી છે. જેના આધારે પરીક્ષાલક્ષી માર્ગદર્શન કે કોઈપણ પ્રકારની મુંઝવણ માટે આ હેલ્પલાઈનનો સંપર્ક કરી ઉકેલ મેળવી શકાશે તેમ પણ જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા જણાંવાયુ છે.

ધોરણ-૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા આગામી તા ૧૫ માર્ચથી શરૂ થશે. જયારે બોર્ડ પરીક્ષાને અનુલક્ષી શિક્ષણતંત્ર દ્વારા જરૂરી તૈયારીઓ પણ કરી દેવાઈ છે. જિલ્લામાંથી અંદાજિત ૫૨ હજાર જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે. ત્યારે પરીક્ષાને અનુલક્ષી જરૂરી બેઠક વ્યવસ્થા પણ નિયત કરી દેવાઈ છે. જયારે પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે દરેક વર્ગ ખંડમાં સી સી ટી વી કેમેરાની વોચ રાખવાની પણ વ્યવસ્થા કરવા સુચના આપી દેવાઈ છે. પરીક્ષા માટે જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા ખાસ પ્રકારનો કન્ટ્રોલ રૂમ પણ શરૂ કરી દેવાયો છે. આ ઉપરાંત પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની મુંઝવણનો ઉકેલ લાવવા માટે દરવખતની જેમ શિક્ષણતંત્ર દ્વારા હેલ્પલાઈન પણ શરૂ કરી દેવાઈ છે. જિલ્લા શિક્ષણતંત્રના સુત્રોના જણાંવ્યા મુજબ ધોરણ ૧૦ અને ૧૨ માટે હેલ્પલાઈનને અનુલક્ષી તજજ્ઞોને જવાબદારી સોપવામાં આવી છે. જેમાં કાઉન્સીલરોને જવાબદારી સોપવામાં આવી છે. આ માટે સે-૨૩ સ્થિત શેઠ સી એમ હાઈસ્કુલના આચાર્ય બચુભાઈ પટેલ મો ૯૯૨૪૧ ૧૩૩૪૬, સે-૭ સ્થિત જે એમ ચૌધરી કન્યા વિદ્યાલયના આચાર્ય સંતોકબેન ચૌધરી મો૯૪૨૭૪૫૪૭૬૦, નિવૃત શિક્ષક નટુભાઈ લાડાણીનો સંપર્ક કરવા જણાંવાયુ છે. જયારે ભૌતિક શાસ્ત્ર માટે નવિનભાઈ પટેલ અને રાસાયણ વિજ્ઞાન માટે સુનિલ પટેલ નો નંબર ૨૩૨૪૮૧૨૪ પર સંપર્ક કરવા જણાંવાયુ છે. જયારે ગણિતશાસ્ત્ર અને જીવવિજ્ઞાન વિષય માટે દિપાલી ઠક્કર અને ભાર્ગવી પંચાલનો નં ૨૩૨૩૧૩૦૬ સંપર્ક કરવા માટે જણાંવાયુ છે.

## ધોળાકુવા એસટીપી વર્ગના બાળકોને પિચકારીનું વિતરણ

ગાંધીનગરના ધોળાકુવા રક્ષાશક્તિ સર્કલ પાસે બાલમિત્ર પ્રફુલ્લાબેન ભાવસાર દ્વારા ચલાવાતા એસટીપી વર્ગોના શ્રમજીવી પરિવારના ૪૦ બાળકોને વાવોલના દાતા હિતેષભાઈ તરફથી હોળીના તહેવાર નિમિત્તે પિચકારીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ઉવારસદના દાતા કવિતાબેન અર્પિતભાઈ શાહ દ્વારા બાળકોને ૧૨૦ જેટલી કોપીબુક તથા રંગપૂરણીના ચોકિયા કલરના પેકેટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. રિલાયન્સ ચોકડી નજીક રહેતા અન્ય એક દાતા નિશાબેન પંજાબી દ્વારા ૫૨ કલરના પેકેટ, સીઆસી કલસ્ટર૫ સે. ૭ના કોઓર્ડિનેટર દેવિલાબેન ઠાકર દ્વારા નોટબુક, પેન્સિલ-રબર તથા દરરોજનો નાસ્તો, સે. ૩-સીના સિદ્ધેશ્વરી મંડળ ડેકોરેશન વાળા નરેન્દ્રસિંહ બિહોલા તરફથી બેસવાના પાથરણા વગેરેનું દાન પ્રાપ્ત થયુ હતુ.

# હાર્દિક વિરોધી નિવેદન કરનાર કેતન પટેલ પર હુમલો

## તપોવન સર્કલ પાસે કેતન અને અરવિંદ પટેલને આઠ શખ્સોએ ઢોર માર મારી અરવિંદ પટેલની સોનાની ચેઈન લુંટી લીધી : પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા.૮

પાટીદાર અનામત આંદોલન સમિતિના હાર્દિક પટેલ વિરોધી મિડીયામાં નિવેદન આપનાર કેતન પટેલ અને તેના મિત્ર અરવિંદ પટેલ પર અડાલજ નજીક આવેલા તપોવન સર્કલ નજીક હુમલો થતા ચકચાર મચી જવા પામી છે. તપોવન સર્કલ નજીક આઠ શખ્સોએ મળીને બે વ્યકિતઓ પર હુમલો કર્યા બાદ અરવિંદ પટેલની સોનાની બ તોલાની ચેઈન લુંટી આઠેય શખ્સો નાસી ગયા હોવાની ફરિયાદ નોંધાતા અડાલજ પોલીસે ગુનો દાખલ કરી ઉંડી તપાસ શરુ કરી છે.

અમદાવાદ થલતેજ વિસ્તારમાં રહેતા અરવિદ વિરચંદભાઈ પટેલે નોંધાવેલી પોલીસ ફરિયાદ મુજબ ૬ માર્ચે રાત્રે તેઓ તેમના મિત્ર કેતન પટેલ સાથે અડાલજ નજીકના તપોવન સર્કલ પાસે ગયા હતા ત્યારે જગદીશ પટેલ, સાવન પટેલ, ચિન્મય પટેલ, રજની પટેલ, મિતેષ પટેલ, સૌરભ પટેલ તથા અન્ય બે શખ્સો મળીને કુલ આઠ શખ્સો તેમની પાસે આવ્યા હતા. હાર્દિક પટેલના વિરોધમાં મીડિયામાં કેમ બોલ્યો હતો તેમ કહીને મારામારી કરી ગદડાપાટુનો માર મારીને ટોળાએ ઝપાઝપી કરી હતી. ઝપાઝપી દરમિયાન અરવિંદ પટેલની સોનાની બે તોલા વજનની ચેઈન લુંટી આઠેય શખ્સો ફરાર થઈ ગયા હતા. આ મામલે અડાલજ પોલીસ મથકમાં અરવિંદ પટેલે ફરિયાદ નોંધાવતા પીએસઆઈ મેટલીયાએ ગુનો દાખલ કરી આરોપીઓને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# ઈસનપુર મોટા ગામની ૪૨ મહિલા સરપંચોએ મુલાકાત લીધી

નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં મહાત્મા મંદિર ખાતે યોજાનાર આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના ઉપલક્ષમાં ઈસનપુર મોટા ગામ ખાતે ઉત્તરાખંડ રાજ્યના ૮ જિલ્લામાંથી ૪૨ મહિલા સરપંચોએ ઈસનપુર મોટા ગામની મુલાકાત લીધી હતી. તાલુકા પંચાયતના અધિકારીઓ તથા ઉત્તરાખંડના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. ગામમાં સંતોકબા સંસ્કાર ભવન ખાતે સ્વાગત કાર્યક્રમનું આયોજન થયુ હતુ. ભીખાભાઈ હાઈસ્કૂલની બાળાઓએ ગુજરાતની સમૂહ ગરબો રજૂ કરી મહિલા સરપંચોને ગુજરાતની અસ્મિતાનો પરિચય કરાવી દીધો. તાળીઓના ગણગણાટથી સૌએ કાર્યક્રમને વધાવ્યો. પ્રાથમિક શાળાની બહેનોએ 'દેશ મેરા રંગીલા' દેશભક્તિ ગીત રજૂ કરી સૌના મન હરી લીધા.



સરપંચ તથા ગામના આગેવાન રામચંદ્રભાઈએ સ્વાગત પ્રવચન કરી તથા સુતરની આંટીથી સ્વાગત કરેલ. સરપંચે ગામની વિકાસયાત્રાની ઝાંખી કરાવતુ ઉદ્‌બોધન કરી ગામવિકાસની વિગતો આપી હતી. જલસ્ત્રાવ સમિતિના પ્રમુખ તથા એમ.બી. પટેલ સાર્વજનિક હોસ્પિટલના મંત્રી રામચંદ્રભાઈએ ગામવિકાસ એટલે ગામલોકો-દાતાઓ-ગામની સંસ્થાઓનો સુમેળથી ઈસનપુર ખાતે રૂ. ૮ કરોડના ખર્ચે ગામમાં વિકાસની કેડી કંડારનાર સદ્‌ભાવ એન્જી. લીમીટેડના ચેરમેન વિશ્નુભાઈ મફતલાલ પટેલનો આભાર માની વિકાસયાત્રાનો ચિતાર રજૂ કર્યો.

ટુંકી જાહેરખબર

**રાહત નિયામકની કચેરી,**

આ કચેરી હસ્તકનું રદબાતલ કરેલ વાહનનું જે તે સ્થિતિમાં નિકાલ કરવાનો થતો હોવાથી રસ ધરાવતી વ્યક્તિ / સંસ્થાઓ પાસેથી બંધ કવરમાં નિયત નમુનામાં તા. ૨૩/૩/૨૦૧૭ના રોજ બપોરના ૧૪-૦૦ કલાક સુધીમાં ઓફર મંગાવવામાં આવે છે.

**વાહન નંબર : ટોયાટો ક્વાલીસ ગાડી નં. જીજે-૧૨-જી-૪૪૪૪**

અરજીનો નમુનો તથા અન્ય શરતો અંગેની વિગતો વહીવટી શાખા, રાહત નિયામકની કચેરી, મહેસુલ વિભાગ, બ્લોક નં. ૧૧, ૮મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર ખાતેથી કચેરી સમય (રજાના દિવસ સિવાય) દરમિયાન બપોરના ૧૪-૦૦ કલાક સુધીમાં મળી શકશે.

તા. ૭/૩/૨૦૧૭
સ્થળ : રાહત નિયામકની કચેરી
બ્લોક નં. ૧૧, ૮મો માળ,
નવા સચિવાલય, ગાંધીનગર

સહી/-
(બી. જી. પટેલ)
નાયબ કલેક્ટર અને ઉપસચિવ
રાહત નિયામકની કચેરી
ગાંધીનગર

માહિતી/૨૯૨૦/૧૬-૧૭